# Kids કોર્નર

**Hello Kids.**


You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in

## વારતા રે વારતા

# સોનાનો બકરો

**દરરોજ સવારે એક સોનાનું સિક્કું મળતું. ગોવિંદ ધીમે ધીમે ધનિક બનતો ગયો. એણે નવું ઘર બાંધ્યું, નવા કપડા લીધા, અને ગામના લોકો એને ઈર્ષાથી જોતા. પણ ગોવિંદ હવે થોડો અહંકારી પણ બન્યો**




એક ગામમાં ગોવિંદ નામનો ગરીબ પણ મહેનતી ખેડૂત રહેતો હતો. ગોવિંદના જીવનમાં આનંદ બહુ ઓછો હતો, પણ એ ઈમાનદાર અને દયાળુ માણસ હતો. એ રોજ ખેતરમાં કામ કરતો, પસીનાથી જમીન સિંચતો અને જે થોડું ઘણું પાક મળતું એમાં ગુજારો કરતો. એના ઘરમાં એક જ આનંદનો સ્ત્રોત હતો – એની પાસેનો નાનો બકરો, જેને એ “ચંદુ” કહેતો. ચંદુ બકરો ખૂબ સમજદાર હતો. ગોવિંદ એના માટે ખાસ ચારો લાવતો, પાણી આપતો, અને રાત્રે એને ગરમ ચાદરમાં ઓઢાડતો. ગામવાળાઓ હસતા – “અરે ગોવિંદ, તું બકરાને માણસ સમાન પ્રેમ કરે છે!” પરંતુ ગોવિંદ માત્ર સ્મિત કરતો. એને ખબર હતી કે પ્રેમ અને કાળજી ક્યારેય વ્યર્થ નથી જતી. એક દિવસ અજબ ઘટના બની.

સવારે જ્યારે ગોવિંદ ચંદુને ખાવું આપવા ગયો ત્યારે એને જમીન પર એક ચમકતું સોનાનું સિક્કું દેખાયું! પહેલા તો એણે વિચાર્યું – કોઈનું પડ્યું હશે, પણ પછી બીજા દિવસે પણ એ જ થયું. હવે ગોવિંદને ખાતરી થઈ ગઈ કે એનો બકરો કોઈ સામાન્ય બકરો નથી. દરરોજ સવારે એક સોનાનું સિક્કું મળતું. ગોવિંદ ધીમે ધીમે ધનિક બનતો ગયો. એણે નવું ઘર બાંધ્યું, નવા કપડા લીધા, અને ગામના લોકો એને ઈર્ષાથી જોતા. પણ ગોવિંદ હવે થોડો અહંકારી પણ બન્યો. એક દિવસ એના મનમાં વિચારોનો વંટોળ આવ્યો – “જો બકરાના પેટમાં સોનું જ છે તો દરરોજ એક સિક્કા માટે રાહ શા માટે જોવી? આખું સોનું એકસાથે મળી જાય તો હું રાજા બની જઈશ!” એ રાત્રે ગોવિંદે એક મોટું ખતરનાક પગલું લીધું. એણે ચંદુને બાંધીને તેનું પેટ કાપી નાખ્યું. પરંતુ અંદર શું હતું? લોહી, માંસ અને અંધારૂં – સોનું નહીં! ચંદુ બેચારો તડપી તડપી મરી ગયો. ગોવિંદ રડી પડ્યો, પણ હવે મોડું થઈ ગયું હતું. એનો સોનાનો બકરો હંમેશ માટે ચાલ્યો ગયો. થોડા દિવસોમાં એના બધા પૈસા ખત્મ થયા. લોકો એના પર હસવા લાગ્યા. એ ફરી પહેલાં કરતા પણ વધારે ગરીબ બન્યો – પણ હવે એના હૃદયમાં પસ્તાવો અને ખાલીપણું હતું.

# દુનિયાનો એક એવો દેશ, ન એરપોર્ટ છે ન તો પોતાની કરન્સી!




જો તમને પૂછવામાં આવે કે દુનિયાના સૌથી અમીર દેશ કયા છે, તો તમારો જવાબ આર્થિક રીતે અમેરિકા, ચીન, જર્મની, જાપાન અને ભારત હોઈ શકે છે. પરંતુ પર કેપિટા જીડીપીના હિસાબથી લક્ઝમબર્ગ, આયર્લેન્ડ, સ્વિટ્ઝરલેન્ડ, નોર્વે જેવા દેશો આ લિસ્ટમાં ટોપ પર છે. પરંતુ આજે અમે તમને એક એવા અનોખા અને નાના દેશ વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેના પાસે ન તો પોતાનો એરપોર્ટ છે અને ન તો પોતાની કરન્સી. તેમ છતાં તે સૌથી અમીર દેશોમાંથી એક છે.



હવે તમે વિચારતા હશો કે આ દેશનું નામ શું છે? તો જણાવી દઈએ કે આ દેશનું નામ છે લિકટેન્સ્ટાઇન. ક્ષેત્રફળની દ્રષ્ટિએ લિકટેન્સ્ટાઇન દુનિયાનો છઠ્ઠો સૌથી નાનો દેશ છે, જે માત્ર 160.5 ચોરસ કિલોમીટર સુધી ફેલાયેલો છે. જો ગણતરી કરવામાં આવે, તો આ દેશનો વિસ્તાર નોઈડાના ક્ષેત્રફળ કરતાં પણ નાનો છે. ગૂગલ પર ઉપલબ્ધ ડેટા મુજબ, નોઈડાનું કુલ ક્ષેત્રફળ 203 ચોરસ કિલોમીટર છે.

દુનિયાના સૌથી નાના દેશમાંથી એક લિકટેન્સ્ટાઇનની વસતી લગભગ 40 હજાર છે. આ દેશનું પોતાનું કોઈ ચલણ નથી. તે સ્વિટ્ઝરલેન્ડની કરન્સી સ્વિસ ફ્રૈન્કનો ઉપયોગ કરે છે. હ્યુમન ડેવલોપમેન્ટ ઇન્ડેક્સમાં લિકટેન્સ્ટાઇન 17માં ક્રમે છે.

પ્રતિ વ્યક્તિ કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)ના મામલે લિકટેન્સ્ટાઇન દુનિયામાં પ્રથમ સ્થાને છે. અમેરિકા આ યાદીમાં આઠમા અને ભારત 147મા સ્થાને છે. આનો અર્થ એ છે કે દુનિયાના સૌથી નાના દેશોમાંના એક હોવા છતાં લિકટેન્સ્ટાઇન સૌથી અમીર દેશોમાંનો એક છે.

## હેપ્પી બર્થડે




નામ : પ્રાંશી ધાડવે
માતા : દર્શિતા ધાડવે




નામ : ધૈર્ય પટેલ
માતા : દિપ્તી પટેલ

## રસ્તો શોધો




## તફાવત શોધો





## ટપકાં જોડો



## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો. (Q1)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | | 6 | | 4 | | 2 | = | 15 |
| 2) | 8 | | 6 | | 4 | | 2 | = | 16 |
| 3) | 8 | | 6 | | 4 | | 2 | = | 12 |

### CHANGE THE WORD

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો. (Q2)

| | | |
|---|---|---|
| H | A | S |
| | | |
| | | |
| S | I | M |

### CHHOTA SUDOKU

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે. (Q3)

| | | |
|---|---|---|
| 1 | | |
| | 5 | |
| | | 4 |

વર્તુળો: 22, 23 (ઉપર); 22, 23 (નીચે)

### BROKEN WORDS

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને કાપડની જુદી જુદી 7 જાતોના નામ બનાવો. (Q4)

| | | | | |
|---|---|---|---|---|
| TE | ET | VO | MU | YON |
| NEN | RA | SI | VE | ILE |
| LK | LV | LI | SA | IN |
| SL | EN | | | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 1 |
| 5 અક્ષર | 3 |
| 6 અક્ષર | 3 |

**જવાબ**
1. SILK
2. LINEN
3. RAYON
4. VOILE
5. MUSLIN
6. SATEEN
7. VELVET

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | × | 6 | ÷ | 4 | + | 2 | = | 15 |
| 2) | 8 | + | 6 | + | 4 | - | 2 | = | 16 |
| 3) | 8 | + | 6 | - | 4 | + | 2 | = | 12 |

Q2

| | | |
|---|---|---|
| H | A | S |
| H | I | S |
| H | I | M |
| S | I | M |

Q3

| | | |
|---|---|---|
| 1 | 9 | 3 |
| 7 | 5 | 6 |
| 2 | 8 | 4 |

વર્તુળો: 22, 23 (ઉપર); 22, 23 (નીચે)

## શબ્દો પૂરો



## શબ્દો શોધો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| B | W | N | M | O | N | K | E | Y |
| O | R | A | G | N | E | F | T | O |
| T | I | F | O | X | G | R | A | E |
| A | P | N | L | G | N | I | Z | C |
| L | A | H | R | D | O | L | K | A |
| S | N | A | K | E | Q | X | J | S |
| T | D | K | Y | E | P | H | V | A |
| B | A | M | F | R | S | I | M | J |
| N | Z | E | B | D | W | K | L | S |

